| | | |
|---|---|---|
| રજૂ તારીખ | : | ૧૯/૦૩/૨૦૨૪ |
| દાખલ તારીખ | : | ૧૯/૦૩/૨૦૨૪ |
| ફેંસલ તારીખ | : | ૨૨/૦૪/૨૦૨૬ |
| અવધિ | : | વર્ષ ૦૨ / માસ ૦૧ / દિવસ ૦૩ |
| આંક | : | |

**અમદાવાદ (રૂરલ) ના વિશેષ ન્યાયાધિશ (એટ્રોસિટી) અને પાંચમા અધિક સત્ર ન્યાયાધિશશ્રીની અદાલત સમક્ષ, નવરંગપુરા, અમદાવાદ.**

**ચૂકાદાની તારીખ : ૨૨/૦૪/૨૦૨૬.**

**સ્પે. એટ્રોસિટી કેસ નં.૦૫/૨૦૨૪**

**(રાણીપ પોલીસ સ્ટેશન, ગુન્હા રજી.નં.૧૧૧૯૧૦૦૨૨૪૦૦૧૫/૨૦૨૪)**

| | |
|---|---|
| ફરિયાદી | શ્રી સરકાર. |
| ફરિયાદ પક્ષ તરફે પ્રતિનિધીત્વ કરનાર વિદ્વાન એડીશનલ પબ્લીક પ્રોસીક્યુટર | શ્રી એસ. બી. પટેલ |

| | | |
|---|---|---|
| આરોપીઓ | (૧) | **વિપુલ સ/ઓ.પાલાભાઇ મફાભાઇ પરમાર**<br>રહે.મ.નં.૭૮૬, ચંદ્રભાગા રો–હાઉસ, હાઉસીંગ બોર્ડ, ગણેશ કોલેજની પાછળ, નવા વાડજ, અમદાવાદ. |
| | (૨) | **હિતેશ સ/ઓ.ભલાજી મેરૂજી ઠાકોર**<br>રહે.જોગણી માતાની ચાલી, દરબાર ગઢના કાચા છાપરા, ઔડાના મકાનની પાછળ, કાળી ગામ, ગરનાળા પાસે, રાણીપ, અમદાવાદ. |

| | |
|---|---|
| આરોપી પક્ષ તરફે પ્રતિનિધિત્વ કરનાર વિદ્વાન વકીલશ્રી | શ્રી એચ. એસ. પરમાર |

## ફોર્મ નં.બી

| | |
|---|---|
| ગુન્હાની તારીખ | ૧૪/૦૧/૨૦૨૪ |
| એફ. આઇ. આર. ની તારીખ | ૧૫/૦૧/૨૦૨૪ |
| ચાર્જશીટની તારીખ | ૧૮/૦૩/૨૦૨૪ |
| તહોમતનામુ ઘડ્યાની તારીખ | ૩૦/૦૧/૨૦૨૫ |
| પુરાવાની શરૂઆત | ૧૮/૦૭/૨૦૨૫ |
| જે તારીખે ચૂકાદો અનામત રાખવામાં આવ્યો છે તે તારીખ | ૧૫/૦૪/૨૦૨૬ |
| ચૂકાદાની તારીખ | ૨૨/૦૪/૨૦૨૬ |
| સજાના હુકમની તારીખ, જો કોઇ હોય તો. | --- |

## -: આરોપીઓની વિગત :-

| ૧. | આરોપીનું નામ | ધરપકડ ની તારીખ | જામીન ઉપર છૂટયાની તારીખ | ગુન્હાનો આરોપ મૂક્યો છે. | નિર્દોષ કે દોષિત | સજા લાદવામાં આવી? | ફો.કા.સં. કલમ-૪૨૮ ના હેતુ માટે ટ્રાયલ દરમિયાન અટકાયત ની અવધિ |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | વિપુલ પાલાભાઇ મફાભાઇ પરમાર | ૧૬/૦૧/૨૪ | ૨૪/૦૧/૨૪ | ભારતીય દંડ સંહિતાની કલમ-૩૨૪, ૩૨૩, ૨૯૪(ખ), ૫૦૬(૨), ૧૧૪ તથા જી. પી. એક્ટની કલમ-૧૩૫(૧) તથા એટ્રોસિટી એક્ટની કલમ-૩(૧)(આર)(એસ), ૩(૨) (૫-અ) મુજબ... | નિર્દોષ | --- | --- |
| ૨. | હિતેશ ભલાજી મેરૂજી ઠાકોર | ૧૬/૦૧/૨૪ | ૨૪/૦૧/૨૪ | | નિર્દોષ | --- | --- |

| | |
|---|---|
| **ગુન્હો :-** | ભારતીય દંડ સંહિતાની કલમ-૩૨૪, ૩૨૩, ૨૯૪(ખ), ૫૦૬(૨), ૧૧૪ તથા જી. પી. એક્ટની કલમ-૧૩૫(૧) તથા એટ્રોસિટી એક્ટની કલમ-૩(૧)(આર),(૩)(૧)(એસ), ૩(૨)(૫-અ) મુજબ... |

# ચૂકાદો

(૧.) આ કામના ફરીયાદી અનિલ દિલીપભાઈ સિરેસિયાએ તા.૧૫/૦૧/૨૦૨૪ ના રોજ રાણીપ પોલીસ સ્ટેશન, ખાતે આપેલી ફરીયાદની હકીકત નીચે મુજબ છે.

તા.૧૪/૦૧/૨૦૨૪ ના રોજ રાત્રીના ફરીયાદી તથા તેની પત્ની મંજુલાબેન તેમના ઘરે હાજર હતા અને રાત્રીના પોણા દશેક વાગ્યાની આસપાસ તેમના ઔડાના મકાનની બહાર કોઈ અકસ્માત થતા અવાજ થતા તેઓ પણ બહાર ગયેલ હતા અને જોયેલ તો એક મોટર સાઇકલ ઉપર એક અજાણ્યા પતિ-પત્ની નાઓ કુતરૂ વચ્ચે આવવાના કારણે પડી ગયેલ હતા અને જે મોટર સાઇકલ ઉપર બહેનને શરીરે ઈજા થયેલ હોય જેથી ફરીયાદીએ ત્યાં જઇને આ બહેનને બાજુમાં રહેલ જોગણી માતાના મંદિરના ઓટલા ઉપર બેસાડેલા હતા અને થોડીવારમાં તેમના સગા આવતા તેમને રીક્ષામાં બેસાડી દવાખાને લઈ ગયેલ હતા અને જે બાદ ફરીયાદી ત્યાં ઉભા હતા તે સમયે આ જોગણી માતાના મંદિરના ઓટલા પાસે એક ઈસમ નામે વિપુલ જેના પુરા નામ સરનામાની ખબર નથી તે ઉભેલ હોય અને જેઓને ફરીયાદી જોયેથી ઓળખતા હોય ફરીયાદીને કહેવા લાગેલ કે 'તે કેમ પેલા બેહનને ઓટલા પર બેસાડેલ હતા. સ્ત્રીઓને મંદીર ઉપર બેસડાય નહીં અને તે મંદિરમાં ફાળો આપેલ ન હોય અને ભંગી સમાજના લોકોને આ મંદિરના ઓટલા ઉપર બેસવાનો અધિકાર નથી' તેમ કહી ફરીયાદી સાથે બોલાચાલી ઝઘડો કરી ગંદી બિભત્સ ગાળો બોલતો હતો. તે સમયે તેનો મિત્ર હિતેષ ઠાકોર પોતાના હાથમાં એક લોખંડની પાઈપ લઈ આવેલ અને આ વિપુલનું ઉપરાણું લઈ ફરીયાદીને જાતિગત અપમાનિત શબ્દો કહેવા લાગેલ કે 'તું ભંગી થઈને કેમ બોલાચાલી ઝઘડો કરે છે?' તેમ કહી ફરીયાદીને બિભત્સ ગંદી ગાળો બોલવા લાગેલ હતો અને આ વખતે આ હિતેષ ઠાકોર એકદમ ઉશ્કેરાઈ જઈ તેના હાથમાં રહેલ લોખંડની પાઈપથી ફરીયાદીના માથામાં જમણા કાનથી ઉપરના ભાગે એક ફટકો મારી દેતા ફરીયાદીના માથામાંથી લોહી નીકળવા લાગેલ અને ફરીયાદી નીચે પડી ગયેલ હતા જેથી આ બંને જણા ફરીયાદીને ગડદાપાટુ તથા ફેંટોથી માર મારવા લાગેલ હતા. આ વખતે ફરીયાદીના પત્ની મંજુલાબેન ફરીયાદીને છોડાવવા વચ્ચે આવતા તેને પણ આ બંને જણાએ બોલાચાલી ઝઘડો કરી લાફા મારેલ હતા અને આજુબાજુના લોકો આવી જતા આ બંને જણા ફરીયાદીને જાનથી મારી નાંખવાની ધમકી આપી જતા રહેલ અને જે બાદ ફરીયાદીના બનેવી મુકેશભાઈ તથા સંજયભાઈ તથા ફરીયાદીના

કૌટુંબિક ભાઇ અશોકભાઇ આવી જતા ફરીયાદીએ આ બંનેને ઉપરોક્ત હકીકત જણાવેલ હતી. ફરીયાદીના પત્ની મંજુલાબેને ૧૦૮ એમ્બ્યુલન્સને ફોન કરેલ હોય જેથી ૧૦૮ એમ્બ્યુલન્સ આવતા ફરીયાદીને તેમના બનેવી તથા ફરીયાદીના ભાઇ સારવાર સારૂ સોલા હોસ્પિટલ ખાતે લઇ ગયેલ હતા અને ત્યાંથી વધુ સારવાર માટે ફરીયાદીને અસારવા સીવીલ હોસ્પિટલ ખાતે મોડી રાતના લઇ ગયેલ અને ફરીયાદીને માથાના ભાગે તથા શરીરે મુઢ માર મારેલ હોય જેથી ફરીયાદીએ સારવાર કરાવેલ હતી. ફરીયાદીની સારવાર પુરી થતા તેમને સીવીલ હોસ્પિટલમાંથી રજા આપતા ફરીયાદી, ફરીયાદીના પત્ની, ફરીયાદીના બનેવી તથા તેમના સમાજના માણસો સાથે ફરીયાદ લખાવવા આવેલ. આ મતલબની હકીકતો વાળી ફરીયાદીએ હાલના આરોપીઓ વિરૂદ્ધમાં ધોરણસર તપાસ થવા ફરીયાદ આપેલ છે.

આ ઘટના અનુસંધાને ફરીયાદીએ ફરીયાદ આપતા તે હકીકતના આધારે આરોપીઓ સામે ભારતીય દંડ સંહિતાની કલમ-૩૨૪, ૩૨૩, ૨૯૪(ખ), ૫૦૬(૨), ૧૧૪ તથા જી. પી. એક્ટની કલમ-૧૩૫(૧) તથા એટ્રોસિટી એક્ટની કલમ-૩(૧)(આર),(૩)(૧)(એસ), ૩(૨)(૫-અ) મુજબનો ગુન્હો નોંધવામાં આવ્યો હતો. સદર ફરીયાદ અન્વયે જણાવેલ હકીકતના આધારે તપાસના અંતે પોલીસે કોર્ટ રૂબરૂ ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ-૧૭૩ મુજબ પ્રથમ ચાર્જશીટ આરોપીઓ સામે કરેલ, તેમજ ચાર્જશીટ કોર્ટના રેકર્ડ પર અત્રેની અદાલતમાં સ્પે.એટ્રોસીટી કેસ નં.૦૫/૨૦૨૪, તા.૧૮/૦૩/૨૦૨૪ થી રજીસ્ટરે લેવામાં આવેલ.

(૨.) ત્યાર બાદ અત્રેની અદાલત દ્વારા આરોપીઓ વિરૂદ્ધ આંક-૭ થી તા.૩૦/૦૧/૨૦૨૫ નાં રોજ ભારતીય દંડ સંહિતાની કલમ-૩૨૪, ૩૨૩, ૨૯૪(ખ), ૫૦૬(૨), ૧૧૪ તથા જી. પી. એક્ટની કલમ-૧૩૫(૧) તથા એટ્રોસિટી એક્ટની કલમ-૩(૧)(આર),(૩)(૧)(એસ),૩(૨)(૫-અ) મુજબ ના શિક્ષાપાત્ર ગુન્હા અંગેનું તહોમતનામુ ફરમાવી વાંચી, સંભળાવી, સમજાવતા આંક-૮ થી આંક-૯ અન્વયે આરોપીઓનું ગુન્હા સંબંધે નિવેદન નોંધવામાં આવેલ છે. જેમાં આરોપીઓએ તેમના વિરૂદ્ધના ગુન્હાનો ઇન્કાર કરતા આરોપીઓ વિરૂદ્ધના ગુન્હાની ઇન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૩.) આરોપીઓ વિરૂદ્ધ આંક-૭ થી ફરમાવવામાં આવેલ તહોમતનામાની હકીકત

પુરવાર કરવા માટે ફરીયાદ પક્ષ તરફે નીચે મુજબના મૌખિક અને દસ્તાવેજી પુરાવા રજૂ કરવામાં આવેલ છે.

**–: મૌખિક પુરાવો :–**

| અનુ. નંબર | સાહેદનું નામ વિગત | આંક |
|---|---|---|
| ૧. | પંચ સાહેદ રાહુલ રમેશભાઇ હીરાગરની જુબાની | ૧૫ |
| ૨. | પંચ સાહેદ વિક્રમભાઇ લાલજીભાઇ વાઘેલાની જુબાની | ૧૭ |
| ૩. | પંચ સાહેદ કૃણાલ નરસિંહભાઇ દંતાણીની જુબાની | ૧૮ |
| ૪. | પંચ સાહેદ મનોજ મફાજી ઠાકોરની જુબાની | ૨૧ |
| ૫. | ફરીયાદી અનિલભાઇ દિલીપભાઇ સીરિસીયાની જુબાની | ૨૪ |
| ૬. | સાહેદ મંજુલાબેન અનિલભાઇ સીરિસીયાની જુબાની | ૨૭ |
| ૭. | સાહેદ મુકેશભાઇ બચુભાઇ રાઠોડની જુબાની | ૨૮ |
| ૮. | સાહેદ અશોકભાઇ નટવરભાઇ પાટડીયાની જુબાની | ૨૯ |
| ૯. | સાહેદ ડો. બ્રિજેશ નરેન્દ્રભાઇ સિસોદીયાની જુબાની | ૩૧ |
| ૧૦. | સાહેદ ભદ્રેશ રમેશભાઇ ગોહિલની જુબાની | ૩૩ |
| ૧૧. | સાહેદ વિનુભાઇ હરીભાઇ દેસાઇની જુબાની | ૩૪ |
| ૧૨. | સાહેદ રોહિતકુમાર બળદેવભાઇ ચાવડાની જુબાની | ૩૬ |
| ૧૩. | સાહેદ જગદીપસિંહ ગીરધારીસિંહ સીસોદીયાની જુબાની | ૪૦ |
| ૧૪. | ત.ક. અમલદાર દિગ્વિજયસિંહ વિરેન્દ્રસિંહ રાણાની જુબાની | ૪૧ |
| ૧૫. | ત.ક. અમલદાર અજયસિંહ પ્રવિણસિંહ જાડેજાની જુબાની | ૪૨ |
| ૧૬. | સાહેદ ભગીરથસિંહ ધૃપદસિંહ ગોહિલની જુબાની | ૪૫ |

**–: દસ્તાવેજી પુરાવો :–**

| અનુ. નંબર | વિગત | આંક |
|---|---|---|
| ૧. | ગુન્હાવાળી જગ્યાનું પંચનામુ | ૧૬ |
| ૨. | આરોપીઓની શરીરસ્થિતિનું પંચનામુ | ૧૯ |
| ૩. | પંચ સ્લીપ | ૨૦ |

| | | |
|---|---|---|
| ૪. | ફરીયાદ | ૨૫ |
| ૫. | ફરીયાદીનું જાતિનું પ્રમાણપત્ર | ૨૬ |
| ૬. | મેડીકલ સર્ટિફીકેટ | ૩૨ |
| ૭. | હથિયારબંધીનું જાહેરનામુ | ૩૫ |
| ૮. | ફરીયાદીના જાતિના પ્રમાણપત્રની નોંધણી અન્વયેના રજીસ્ટરના ઉતારાની નકલ | ૩૭ |
| ૯. | ત.ક. અમલદાર તરીકે નિમણુંક કર્યાનો પત્ર | ૪૩ |
| ૧૦. | પોલીસ વર્ધી | ૪૪ |

ફરીયાદ પક્ષે ઉપરોક્ત પુરાવા સિવાય બીજો કોઇ પુરાવો રજુ કરવા માંગતા ના હોય અને વિ.મદદનીશ સરકારી વકીલશ્રીએ આંક–૪૬ થી પુરાવા બંધની પુરશીશ રજૂ કરતા તેમનો પુરાવો બંધ કરી ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૩૧૩ મુજબ આ કામના આરોપીઓનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ. જેમાં આ કામના આરોપીઓએ સંભવિત તમામ પુરાવાઓને નકાર્યા હતા અને અમો નિર્દોષ છીએ, કોઇ ગુન્હો કરેલ નથી અને ખોટી રીતે સંડોવી દેવામાં આવેલ છે તેમ જણાવ્યુ હતુ. જેથી ઉપરોક્ત હકીકત સંદર્ભે કામ આખરી દલીલ પર રાખવામાં આવ્યુ હતુ.

(૪.) દલીલના તબક્કે સરકાર પક્ષે વિ.એડીશનલ પી.પી.શ્રીએ મુખ્યત્વે એવી રજૂઆત કરેલ છે કે, આ કામે ફરીયાદ પક્ષ તરફે મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજૂ કરી પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કરેલ છે. ફરીયાદ પક્ષે વધુમાં રજૂઆત છે કે, આ કામના ફરીયાદી અનિલભાઇ સીંરિસીયાએ સ્પષ્ટપણે ફરીયાદની હકીકતને સમર્થન આપ્યુ છે અને આરોપીઓની ઓળખ પણ કરી છે. તે સાથે હથિયારની પણ ઓળખ કરી છે. તે સિવાય ફરીયાદીના પત્ની મંજુલાબેને પણ બનાવની હકીકતને સ્પષ્ટ સમર્થન આપ્યુ છે. સાહેદ મુકેશભાઇ રાઠોડ તથા અશોકભાઇ પાટડીયાએ અને ભદ્રેશભાઇ ગોહિલે પણ પરોક્ષ રીતે મહત્વની હકીકતોને સમર્થન આપ્યુ છે. આ સિવાય ડો.બ્રિજેશભાઇ સીસોદીયાએ કે જેમણે ફરીયાદીને સારવાર આપી હતી તેમની પાસે જણાવાયેલ હીસ્ટ્રીમાં પણ આરોપીઓના સ્પષ્ટ નામ જણાવાયા છે. તપાસ કરનાર અમલદારે પણ આરોપીઓ ગુન્હામાં સામેલ છે તે હકીકતને સમર્થન આપ્યુ છે. સમગ્રપણે આરોપીઓની સામે ગુન્હો સાબિત થાય છે તેથી તમામને સખ્ત સજા કરવા રજૂઆત છે.

(પ.) આ કામે આરોપીઓના વિ.વ.શ્રીએ દલીલ કરતા મુખ્યત્વે જણાવેલ છે કે, સદર કામે તમામ પંચનામા સાબિત થતા નથી. મુદ્દામાલ હથિયાર કબજે કર્યાનું પંચનામુ તથા ગુન્હાવાળી જગ્યાનું પંચનામુ સાબિત થતુ નથી. ફરીયાદીના પુરાવામાં ઘણો વિરોધાભાસ છે. જેમાં મુખ્યત્વે ગુન્હાની તા.૧૪/૧૦/૨૦૨૪ જણાવી છે. જયારે બનાવ તા.૧૪/૦૧/૨૦૨૪ છે. ફરીયાદી ખુદ જણાવી શકતા નથી કે, બનાવ ચોક્કસ ક્યારે બન્યો હતો. ફરીયાદીએ ડોકટર રૂબરૂ ગુન્હાની કોઇ હકીકત અને આરોપીઓની સંડોવણી તથા નામ જાહેર કર્યા નથી. તથા બનાવના દિવસે કોઇ ફરીયાદ કરી નથી. ફરીયાદીના પત્ની ખુદ જણાવે છે કે, તેમનો જવાબ સમાજના આગેવાન ભદ્રેશભાઇએ લખાવ્યો હતો. ફરીયાદ પક્ષના તમામ સાક્ષીઓ એકબીજાના સંબંધી છે. તેમનો પુરાવો કથોપકથિત સ્વરૂપનો છે. કોઇએ બનાવ નજરે જોયો નથી. ઈજાગ્રસ્ત ડોક્ટર પાસે યાદી વગર ગયા છે. તેમણે કેસની હકીકત ડોકટર રૂબરૂ જાહેર કરી નથી. ડોકટરના કહેવા પ્રમાણે ઈજાનું સ્વરૂપ સાદી ઈજા છે. કોઈપણ સ્વતંત્ર સાક્ષીનો પુરાવો રેકર્ડ ઉપર નથી. સમગ્રપણે ગુન્હાની ખુટતી કડી સાબિત થતી નથી. માટે આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મૂકવા રજૂઆત છે.

(૬.) આ પ્રકરણમાં ફરીયાદ પક્ષે રજૂ કરેલા મૌખિક અને દસ્તાવેજી પુરાવા, ઉભય પક્ષકારોના વિ.વ.શ્રીઓ દ્વારા ઉપસ્થિત કરવામાં આવેલી દલીલો, કાયદાકીય પ્રસ્થાપિત સિદ્ધાંતો ધ્યાનમાં લેતાં, સદર કેસના આખરી નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થયા છે.

**-: મુદ્દા :-**

૧. શું ફરીયાદ પક્ષ એ હકીકત નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીઓએ તા.૧૪/૦૧/૨૦૨૪ ના રોજ ૨૧:૪પ વાગ્યાના સુમારે રાણીપ જોગણી માતાના મંદિરના ઓટલા પાસે, ઔડાના મકાન, કાળી ગામ ગરનાળા પાસે, રાણીપ, અમદાવાદ ખાતે ફરીયાદીને ઓટલા ઉપર બેસવા બાબતે બોલાચાલી ઝઘડો કરી આરોપી નં.૨ નાઓ ફરીયાદીને જાહેરમાં જાતિ વિષયક અપમાનજનક શબ્દો બોલી એકદમ ઉશ્કેરાઇ જઇ બિભત્સ ગાળો બોલી ફરીયાદીને માથાની જમણી બાજુના ભાગે લોખંડની પાઇપ મારી લોહી નીકાળી ઈજાઓ કરી તેમજ ફરીયાદી તથા સાહેદ નં.૭ ને શરીરે ગડદાપાટુ -

મુઢમાર મારી જાનથી મારી નાંખવાની ધમકી આપી એકબીજાની મદદગારી કરી પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેરના જાહેરનામાનો ભંગ કરી ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૪, ૩૨૩, ૨૯૪(ખ), ૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી. એક્ટની કલમ–૧૩૫(૧) તથા એટ્રોસિટી એક્ટની કલમ–૩(૧)(આર), (૩)(૧)(એસ), ૩(૨)(૫–અ) મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કર્યો છે?

**૨.** શું હુકમ?

**(૭.)** ઉપરોક્ત મુદ્દાના મારા નિર્ણય માટે નીચે જણાવેલા કારણોસર નીચે મુજબ છે.

૧. નકારમાં.

૨. આખરી હુકમ મુજબ.

**–: કારણો :–**

**મુદ્દા નં.૧ ની ચર્ચા :–**

**(૮.)** આ કામે ફરીયાદ પક્ષે રજૂ પુરાવાને ધ્યાને લઈએ તો, સૌપ્રથમ આરોપીઓ સામે ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૪, ૩૨૩, ૨૯૪(ખ), ૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી. એક્ટની કલમ–૧૩૫(૧) તથા એટ્રોસિટી એક્ટની કલમ–૩(૧)(આર), (૩)(૧)(એસ), ૩(૨)(૫–અ) મુજબના ગુન્હા સંદર્ભેનું તહોમત છે. સમગ્રપણે તમામ કલમો અન્વયે ફરીયાદ પક્ષે એ હકીકત સાબિત કરવાની રહે છે કે, આ કામના આરોપીઓએ ભોગ બનનાર કે જે અનુસુચિત જાતિના હતા તેમ હોવાનું જાણતા હોવા છતાં તા.૧૪/૦૧/૨૦૨૪ ના રોજ ૨૧:૪૫ વાગ્યાના સુમારે રાણીપ જોગણી માતાના મંદિરના ઓટલા પાસે, ઔડાના મકાન, કાળી ગામ ગરનાળા પાસે, રાણીપ, અમદાવાદ ખાતે ફરીયાદીને ઓટલા ઉપર બેસવા બાબતે બોલાચાલી ઝઘડો કરી આરોપી નં.૨ નાઓ ફરીયાદીને જાહેરમાં જાતિ વિષયક અપમાનજનક શબ્દો બોલી એકદમ ઉશ્કેરાઇ જઇ બિભત્સ ગાળો બોલી ફરીયાદીને માથાની જમણી બાજુના ભાગે લોખંડની પાઇપ મારી લોહી નીકાળી ઈજાઓ કરી તેમજ ફરીયાદી તથા સાહેદ નં.૭ ને શરીરે ગડદાપાટુ – મુઢમાર મારી જાનથી મારી નાંખવાની ધમકી આપી ગુન્હો કરવામાં એકબીજા એ મદદગારી કરી ગુન્હો કર્યો હતો.

(૯.) ફરીયાદ પક્ષે આરોપી સામેનો કેસ સાબિત કરવા જે પણ સાહેદો રજૂ કર્યા છે તે અનુસંધાને વિચારણા કરીએ તો, ફરીયાદ પક્ષે મુખ્ય સાક્ષીઓ પૈકી ફરીયાદી સાહેદ નં.૫ અનીલભાઇ દિલીપભાઇ સિરેસીયાને આંક–૨૪ થી સોગંદ ઉપર તપાસ્યા છે. સાહેદ તેમની સરતપાસમાં જણાવે છે કે, ''*બનાવ તા.૧૪/૧૦/૨૦૨૪ ના રોજ બનેલો, તે દિવસે હું રાત્રીના મારા ઘરે હતો ત્યારે રાત્રીના પોણા દસ વાગ્યાની આસપાસ અમારા ઔડાના મકાનની બહાર અકસ્માત થતા અવાજ આવતા અમો બહાર ગયેલ અને ત્યાં જઇને જૌયેલ તો એક અજાણ્યા પતિ–પત્નીનું મોટર સાઇકલ કુતરુ વચ્ચે આવતા પડી ગયુ હતુ, જેમાં બંને વ્યક્તિને ઈજા થઈ હતી પરંતુ બહેનને ઈજા વધારે થઈ હતી, જેથી મેં તે બહેનને જોગણી માતાના મંદિરના ઓટલા ઉપર બેસાડેલા, હું ત્યાં જ ઉભો હતો ત્યારે વિપુલભાઇએ મારી સાથે બોલાચાલી કરેલ અને કહેલ કે, 'બહેનને મંદિરના ઓટલા ઉપર કેસ બેસાડ્યા ? લેડીઝને મંદીરના ઓટલા પર બેસાડવા નહીં' અને કહેલ કે, 'આ મંદિરમાં તે કે તારા પિતાએ કોઇ ફંડ આપેલ નથી' તેમ કહી બોલાચાલી કરવા લાગેલ અને ગાળો બોલતા હતા અને જાતિ વિષયક શબ્દો બોલતા હતા કે, 'ભંગી સમાજનાઓને અહીં બેસવાની કોણે પરમિશન આપી છે' તે દરમિયાન વિપુલભાઇના મિત્ર હિતેશભાઈ આવેલ અને મને કહેલ કે, 'તું ભંગી સમાજનો થઇને મારા મિત્ર સાથે કેમ બોલાચાલી કરે છે' તેમ કહી મને ગંદી ગાળો બોલવા લાગેલ. તેમના હાથમાં રહેલ લોખંડની પાઇપથી માથામાં જમણી બાજુ મારેલ, જેથી મને માથામાંથી લોહી નીકળવા લાગેલ અને હું નીચે પડી ગયો હતો, આ બંને જણાએ મને ગડદાપાટુનો અને ફેંટોનો માર મારવા લાગેલા, તે વખતે મને છોડાવવા માટે મારા પત્ની મંજુલાબેન વચ્ચે પડ્યા હતા, આ બંને જણાએ મારી પત્ની સાથે બોલાચાલી કરી, ઝઘડો કરી લાફા મારેલ હતા અને મારી પત્નીને જાતિ વિષયક શબ્દો બોલેલા અને કહેલ કે, 'તું ભંગી થઇને કેમ વચ્ચે આવે છે', આજુ બાજુના લોકો આવી જતા આ બંને જણા મને જાનથી મારી નાંખવાની ધમકી આપી જતા રહેલા.*''

સદર સાહેદ સરતપાસમાં જણાવે કે, તેઓ આરોપીઓને નામથી ઓળખતા ન હતા પરંતુ બનાવ વખતે જોયેથી ઓળખે છે. પરંતુ સાહેદ મુદ્દામાલ પાઇપ કોર્ટ રૂબરૂ ઓળખી બતાવતા નથી. સાહેદ અનુસુચિત જાતિના છે તેનુ પ્રમાણપત્ર રજૂ કરે છે.

સદર સાહેદ આરોપી પક્ષે સદર સાહેદની ઉલટ તપાસ ધ્યાને લેતા સાહેદ સ્પષ્ટપણે જણાવે છે કે, જે અકસ્માતની ઘટનાના કારણે સદર બનાવ બન્યો છે. તે અકસ્માતમાં કોણ પડી ગયુ હતુ તેની જાણ તેમને થઇ હતી નહીં. સાહેદ એમ પણ સ્વીકારે છે કે, ફરીયાદમાં એ હકીકતનો ઉલ્લેખ નથી કે, આરોપીઓએ એવુ કીધુ હોય કે, મંદિરમાં તે કે તારા પિતાએ કોઇ ફંડ આપ્યુ નથી. સાહેદ એમ પણ સ્વીકારે છે કે, ફરીયાદમાં તેની પત્નીને જાતિ વિષયક શબ્દો કીધા હોય તે હકીકત જણાવાઇ નથી. સાહેદ સ્વીકારે છે કે, તે બેભાન હાલતમાં હતા તેથી ડોક્ટરને તેમણે કોઇ હકીકત જણાવી નથી. આ સિવાય મુકેશભાઇ, ભદ્રેશભાઇ, અશોકભાઇ અને

સંજયભાઇ તેમના નજીકના સગા થાય છે તે હકીકત પણ સ્વીકારે છે. સાહેદ એ પણ સ્વીકારે છે કે, બનાવના દિવસે ફરીયાદ કરી ન હતી પણ બીજા દિવસે ફરીયાદ કરી હતી અને ત્યારે સમાજના આગેવાન ભદ્રેશભાઇ તેમની સાથે હતા.

(૧૦.) ફરીયાદ પક્ષે સાહેદ નં.૬ મંજુલાબેન અનિલભાઇ સીરિસીયાને આંક–૨૭ થી સોગંદ ઉપર તપાસ્યા છે. સદર સાહેદ પણ ફરીયાદ મુજબ ઈજાગ્રસ્ત સાહેદ છે તેથી મહત્વના છે. સદર સાહેદ તેમની સરતપાસમાં જણાવે છે કે,*''બનાવ તા.૧૪/૦૧/૨૦૨૪ ના રોજ બનેલો. તે દિવસે હું રાત્રીના મારા ઘરે હતી ત્યારે રાત્રીના પોણા દસ વાગ્યાની આસપાસ અમારા ઔડાના મકાનની બહાર અકસ્માત થતા અવાજ આવતા અમો બહાર ગયેલ અને ત્યાં જઇને જોયેલ તો એક અજાણ્યા પતિ પત્નીનું મોટર સાઇકલ કુતરુ વચ્ચે આવતા પડી ગયુ હતુ જેમાં બંને વ્યક્તિને ઈજા થઈ હતી, પરંતુ બહેનને ઈજા વધારે થઈ હતી. જેથી મારા પતિએ તે બહેનને જોગણી માતાના મંદીરના ઓટલા પર બેસાડેલા. મારા પતિ ત્યાં ઉભા હતા ત્યારે વિપુલભાઈએ મારા પતિ સાથે બોલાચાલી કરેલ અને કહેલ કે, 'બહેનને મંદીરના ઓટલા પર કેમ બેસાડયા? લેડીઝને મંદીરના ઓટલા પર બેસાડવા નહીં' અને કહેલ કે, 'આ મંદીરમાં તે કોઈ ફંડ આપેલ નથી' તેમ કહી બોલાચાલી કરવા લાગેલ અને ગાળો બોલતા હતા અને જાતિ વિષયક શબ્દો બોલતા હતા કે, 'ભંગી સમાજનાઓને અહીં બેસવાની કોણે પરમિશન આપી છે' .વિપુલભાઈ મારા પતિને છરી મારી દઈશ તેવું કહેતા હતા તે દરમિયાન વિપુલભાઈના મિત્ર હિતેશભાઈ આવેલ અને કહેલ કે, 'તું ભંગી સમાજનો થઈને મારા મિત્ર સાથે કેમ બોલાચાલી ઝઘડો કરે છે' તેમ કહી મને ગંદી ગાળો બોલવા લાગેલ. તેમના હાથમાં રહેલ લોખંડની પાઈપથી મારા પતિને માથામાં જમણી બાજુ મારેલ. જેથી મારા પતિને માથામાંથી લોહી નીકળવા લાગેલ અને તેઓ નીચે પડી ગયા હતા. તે વખતે મરા પતિને છોડવવા માટે હું વચ્ચે પડી હતી. આ બંને જણાએ મારી સાથે બોલાચાલી કરી, ઝઘડો કરી લાફા મારેલ હતા, ધક્કો મારેલો અને મને જાતિ વિષયક શબ્દો બોલેલા અને કહેલ કે, 'તું ભંગી થઈને કેમ વચ્ચે આવે છે'. ત્યાર બાદ આજુ બાજુના લોકો આવી જતા બંને જણા અમોને જાનથી મારી નાંખવાની ધમકી આપી અને અમારા ઘરની બારી પર પથ્થરો અને છરીનો ઘા કરેલો.''*

સદર સાહેદ આરોપી પક્ષે સદર સાહેદની ઉલટ તપાસ ધ્યાને લેતા સાહેદ સ્વીકારે છે કે, મારો જવાબ અમારા સમાજના આગેવાન ભદ્રેશભાઇ રમેશભાઇ ગોહેલે લખાવેલ હતો. સાહેદ એ હકીકતનો ઈન્કાર કરે છે કે, મેં મારા પોલીસ રૂબરૂના જવાબમાં એવી હકીકત લખાવેલ છે કે, તું ભંગી થઇનજે કેમ વચ્ચે આવે છે, અમારા ઘરની બારી પર પથ્થરો અને છરીનો ઘા કરેલો. સાહેદ એ હકીકત સ્વીકારે છે કે, ઔડાના મકાનની આજુબાજુ કામધેનુ સોસાયટી, બકરામંડી તથા જાહેર રસ્તો આવેલો છે જેથી ત્યાં રાત્રીના બારેક વાગ્યા સુધી જાહેર પબ્લિકની અવર જવાર હોય છે. સાહેદ એ પણ સ્વીકારે છે કે, બનાવના દિવસે મેં, મારા

પતિએ કે મારા સગાઓએ પોલીસને કોઈ ફરીયાદ આપી હોય તેવું બનેલ નથી. સાહેદ એ સ્વીકારે છે કે, ફરીયાદ આપતા પહેલા અમો, અમારા પતિ, અમારા સગાઓ તથા સમાજના આગેવાનો પોલીસ સ્ટેશનની બહાર ભેગા થયા હતા. સાહેદ એમ પણ સ્વીકારે છે કે, પોલીસ સ્ટેશનની બહાર અમારા સમાજના આગેવાન ભદ્રેશભાઈ હાજર હતા અને તેમણે જણાવેલ કે, ફરીયાદ આપવી પડશે. જેથી તેમના કહેવાથી મારા પતિ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ આપવા ગયા હતા. સાહેદ એ સ્વીકારે છે કે, આરોપોઓ અમારી બાજુમાં રહેતા હોવાથી અમે તેમને ઓળખીએ છીએ.

(૧૧.) ફરીયાદ પક્ષે સાહેદ નં.૭ મુકેશભાઈ બચુભાઈ રાઠોડને આંક–૨૮ થી સોગંદ ઉપર તપાસ્યા છે. સાહેદ તેમની સરતપાસમાં જણાવે છે કે, ''***આ કામના ફરીયાદી અનિલભાઈ મારા સાળા થાય છે અને તે રાણીપ ઔડાના મકાનમાં રહે છે, તા.૧૪/૦૧/૨૦૨૪ ના રોજ હું મારા ઘરે હાજર હતો ત્યારે મારા સાળા અશોકભાઈનો મારી પર ફોન આવેલ અને કહેલ કે, 'અનિલભાઈને તેમના ઘર આગળ મંદીર પાસે ઝઘડો અને મારામારી થયેલ છે અને માથામાં વાગેલ છે તમે અનિલભાઈના ઘરે આવો' જેથી હું અનિલભાઈના ઘરે ગયેલો ત્યારે અનિલભાઈને ૧૦૮ મા સોલા સીવીલ લઈ ગયા હતા જેથી હું રીક્ષા લઈને સોલા સીવીલ ગયો હતો અને ત્યાં હું મારા સાળા અનિલભાઈને મળેલો અને મેં જોયેલ તો તેઓને માથાના ભાગે જમણા કાન પાસે ઈજા થઈ હતી અને લોહી નીકળતુ હતુ. મેં અનીલભાઈને શું થયુ છે તે બાબતે પુછતા મારા સાળા અશોકભાઈએ મને જણાવેલ કે, તા.૧૪/૦૧/૨૦૨૪ ના રોજ રાત્રીના પોણા દસ વાગ્યાના સુમારે વિપુલ અને હિતેશ બંને જણા અનીલભાઈને ગડદાપાટુનો માર મારવા લાગેલ અને આ વખતે મંજુલાબેન છોડાવવા વચ્ચે પડતા આ બંને જણાએ મંજુલાબેન સાથે પણ બોલાચાલી ઝઘડો કરી લાફા મારેલા અને આ વખતે લોકો ભેગા થઈ જતા આ બંને ઈસમો અનીલભાઈને જાનથી મારી નાંખવાની ધમકી આપી ત્યાંથી નાસી ગયા હતા, મારા સાળા અનીલભાઈને વધુ સારવાર માટે અસારવા સીવીલ લઈ ગયા હતા, પોલીસે મારો જવાબ લીધો હતો, આ કામના આરોપીઓને હું ઓળખુ છું***''

સદર સાહેદ આરોપી પક્ષે સદર સાહેદની ઉલટ તપાસ ધ્યાને લેતા સાહેદ સ્વીકારે છે કે, બનાવ સમયે હું મારા ઘરે હતો જેથી બનાવ મેં નજરોનજર જોયેલ નથી. સાહેદ સ્વીકારે છે કે, બનાવ મેં નજરોનજર જોયેલ ન હોય બનાવમાં કોના દ્વારા શું બનેલ તે હું કહી શકુ નહીં. સાહેદ સ્વીકારે છે કે, મારી બહેનના ઘરે મારે અવાર નવાર જવાનુ થતુ હોય તથા આરોપીઓ મારી બહેનના ઘરની બાજુમાં રહેતા હોય તે તેમને અગાઉ જોયેલ હોય અને મારી બહેને મને તેમના નામ કહેતા હુ તેઓને અગાઉ જોયેલ હોય તેથી ઓળખુ છું.

(૧૨.) ફરીયાદ પક્ષે સાહેદ નં.૮ અશોકભાઇ નટવરભાઇ પાટડીયાને આંક-૨૯ થી સોગંદ ઉપર તપાસ્યા છે. સાહેદ તેમની સરતપાસમાં જણાવે છે કે,*"આ કામના ફરીયાદી અનીલભાઇ દીલીપભાઇ મારા ફોઇનો દીકરો થાય છે. " મારા ભાઇ અનિલને આ વિપુલ અને હિતેશ સાથે બબાલ થયેલી. તા.૧૪/૦૧/૨૦૨૪ ના રોજ રાત્રીના સમયે બનેલો. રાત્રીના આશરે નવ થી દસ વાગે અનીલભાઇના પત્નીનો મારી પર ફોન આવેલ અને કહેલ કે, અનીલભાઇને કોઇની સાથે બબાલ થયેલી છે અને તેમને વાગેલ હોવાથી લોહી નીકળે છે જેથી તમે જલદી આવો' મને રાણીપ ઔડાના મકાનમાં જવાનું કહેતા હું અને મારા જમાઈ સંજયભાઇ ત્યાં ગયેલ અને મેં જોયેલ તો અનીલભાઇને માથામાં વાગેલ હતુ અને લોહી નીકળતુ હતુ અને તે નીચે પડેલા હતા. અનીલભાઇને અમોએ પુછતા તેમણે જણાવેલ કે, 'કોઇક બહેન બાઇક પરથી પડી ગયેલા અને તેમને મંદીરના ઓટલા પર બેસાડેલ તે બાબતે બબાલ થઇ હતી' અને કહેલ કે, 'પાઇપથી એક બે છોકરા હાજર હતા તેમણે મારેલ.' અનીલભાઇએ કહેલ કે, 'વિપુલ અને હિતેશભાઇ બે જણા હતા અને તેઓએ અનીલભાઇને પાઇપથી મારેલ. આ હકીકત મને અનિલભાઇએ જણાવેલ."*

સદર સાહેદ આરોપી પક્ષે સદર સાહેદની ઉલટ તપાસ ધ્યાને લેતા સાહેદ સ્વીકારે છે કે, મેં મારા પોલીસ રૂબરૂના નિવેદનમાં એવી હકીકત લખાવેલ નથી કે, તે નીચે પડેલા હતા. સાહેદ સ્વીકારે છે કે, મેં મારા પોલીસ રૂબરૂના નિવેદનમાં એવી હકીકત લખાવેલ નથી કે, કોઇક બહેન બાઇક પરથી પડી ગયેલા અને તેમને મંદીરના ઓટલા પર બેસાડેલા તે બાબતે બબાલ થઇ હતી. સાહેદ સ્વીકારે છે કે, બનાવ બનેલ ત્યારે હું મારા ઘરે હતો જેથી મેં બનાવ નજરો નજર જોયેલ નથી અને બનાવ વિશે મને કોઇ જાત માહિતી નથી.

(૧૩.) ફરીયાદ પક્ષે સાહેદ નં.૧૦ ભદ્રેશ રમેશભાઇ ગોહિલને આંક-૩૩ થી સોગંદ ઉપર તપાસ્યા છે. સાહેદ તેમની સરતપાસમાં જણાવે છે કે,*"આ કામના ફરીયાદી અનિલભાઇ દીલીપભાઇ મારા મિત્રના ભાઇ થાય છે, આ બનાવ તા.૧૪/૦૧/૨૦૨૪ ના રોજ રાત્રીના આશરે નવ થી દસ વાગ્યાની આસપાસ બનેલો, મને અમારા સમાજના ગૃપમાંથી ફોન આવેલો જેથી મેં તપાસ કરતા મારા મિત્ર ભાવિનના સગા મોટાભાઇ સાથે બનાવ બનેલો અને તેને ઈજા થઇ હતી. હું ફરીયાદી અનિલભાઇ સાથે ફરીયાદ લખાવવા ગયેલો, આ બનાવની જાણ મને અનિલભાઇએ ફરીયાદ લખાવી તે દિવસે થયેલ, હું સમાજના આગેવાન તરીકે તેમની સાથે ફરીયાદ લખાવવાની કાર્યવાહી માટે તેમની સાથે પોલીસ સ્ટેશન ગયેલો. પોલીસે મારો જવાબ લીધેલો. રાણીપ ખાતે કોઇ મંદિર પાસે બાઇક પરથી કોઇ કપલ પડી ગયેલ જેથી ફરીયાદી અનિલભાઇએ તેમને મંદિરના ઓટલા પર બેસાડેલા અને ત્યાં હાજર વ્યક્તિઓએ અનિલભાઇને જાતિ વિષયક શબ્દો બોલેલા અને ઝઘડો કરેલ અને કોઇ વ્યક્તિએ તેમને માથાના ભાગે લોખંડની પાઇપ મારેલ તથા તેમના પત્ની છોડાવવા વચ્ચે આવતા તે બંને જણાએ તેમની સાથે બોલાચાલી કરી તેમને લાફા મારેલા, આજુબાજુના લોકો ભેગા થઇ જતા જાનથી મારી નાંખવાની ધમકી આપી જતા રહેલા."*

સદર સાહેદ આરોપી પક્ષે સદર સાહેદની ઉલટ તપાસ ધ્યાને લેતા સાહેદ સ્વીકારે છે કે, આ બનાવ વિશે મને કોઇ જાત માહિતી નથી. સાહેદ સ્વીકારે છે કે, હું સમાજના કામકાજ કરુ છુ તેથી સમાજના આગેવાન તરીકે ઓળખાણ થયેલી. સાહેદ સ્વીકારે છે કે, તેમના પત્ની છોડાવવા વચ્ચે આવતા તે બંને જણાએ તેમની સાથે બોલાચાલી કરી તેમને લાફા મારેલા તે હકીકત મારા પોલીસ રૂબરૂના નિવેદનમાં લખાવેલ નથી.

(૧૪.) ફરીયાદ પક્ષે સાહેદ નં.૯ ડો. બ્રિજેશ નરેન્દ્રભાઇ સિસોદીયાને આંક–૩૧ થી સોગંદ ઉપર તપાસ્યા છે. સાહેદ તેમની સરતપાસમાં જણાવે છે કે, ***"તા.૧૫/૦૧/૨૦૨૪ ના રોજ સીવીલ હોસ્પિટલમાં મારી ફરજ પર હાજર હતો તે દરમિયાન એક દર્દી નામે અનિલભાઇ દલીલભાઇ શરિસીયા સોલા સીવીલ હોસ્પિટલની રીફર ચિઠ્ઠી સાથે મારી પાસે સારવાર માટે કલાક ૦૧:૧૫ વાગે આવેલા, દર્દીએ હીસ્ટ્રીમાં જણાવેલ કે, તેમને રાણીપ ખાતે તા.૧૪/૦૧/૨૦૨૪ ના રોજ સામાવાળાઓએ પાઇપથી માર મારેલ. દર્દીને તપાસતા તેમને જમણા પરાઇટલ ભાગમાં ૩ x ૨ સેમીનું લાલ કલરનું છોલાયેલુ નિશાન હતુ, દર્દીને સારવાર માટે સર્જરી વિભાગમાં રીફર કરેલ, ત્યાર બાદ તા.૧૬/૦૧/૨૦૨૪ ના રોજ દર્દીને સારવાર સર્ટિફીકેટ આપેલ. આ દર્દીને થયેલ ઇજા સખત અને બોથડ પદાર્થથી થઇ શકે તેવી હતી, તેમને મુદ્દામાલ બતાવતા જે જોઇને જણાવેલ કે આ દર્દીને થયેલ ઇજા આ પ્રકારના હથિયારથી થઇ શકે તેવી હતી."***

સદર સાહેદ આરોપી પક્ષે સદર સાહેદની ઉલટ તપાસ ધ્યાને લેતા સાહેદ સ્વીકારે છે કે, સર્ટિફીકેટમાં દર્દીએ જણાવેલ હીસ્ટ્રીમાં કોઇ આરોપીઓના નામ કે વર્ણન જણાવેલ નથી.

(૧૫.) ફરીયાદ પક્ષે પંચ સાહેદ નં.૧ રાહુલ રમેશભાઇ હીરાગરને આંક–૧૫ થી તથા બીજા પંચ સાહેદ વિક્રમભાઇ લાલજીભાઇ વાઘેલાને આંક–૧૭ થી સોગંદ ઉપર તપાસ્યા છે. સદર બંને પંચ સાહેદો ગુન્હાવાળી જગ્યાના પંચનામાના પંચ સાહેદો છે. આ પંચનામાના બંને સાહેદ તેમની સરતપાસમાં જણાવે છે કે, સને–૨૦૨૪ માં હું રાણીપ જોગણી માતાના મંદિર પાસે ઉભો તો ત્યારે પોલીસ આવેલ અને તૈયાર કાગળમાં મારી સહી કરાવેલી. તેમને પંચનામુ બતાવતા જેમાં પોતાની સહીઓ ઓળખી બતાવેલ છે તે સિવાયની તમામ હકીકતોનો સ્પષ્ટપણે ઇન્કાર કરેલ છે. સાહેદ વધુમાં જણાવે છે કે, હું જગ્યા બતાવનાર ઇસમ અત્યારે હાજર હોય તો ઓળખી શકુ નહીં. સદર બંને સાહેદ ફરીયાદ પક્ષના કેસને સમર્થન કરતા ન હોવાથી તેમને હોસ્ટાઇલ જાહેર કરતા. સરકારી વકીલશ્રીને બંને સાહેદોની ઉલટ

તપાસ કરવાની પરવાનગી આપતા ફરીયાદ પક્ષના કેસની તમામ હકીકતને નકારી છે. આરોપી પક્ષે કરવામાં આવેલ સદર સાહેદની ઉલટ તપાસ ધ્યાને લેતા સાહેદ સ્વીકારે છે કે, પોલીસે તૈયાર કાગળમાં સહી કરાવેલી જે પંચનામુ અમોએ વાંચેલ નહીં કે પોલીસે વાંચી સંભળાવેલ નહીં. આમ, આ ગુન્હાવાળી જગ્યાનું પંચનામુ સાબિત થતુ નથી.

(૧૬.) ફરીયાદ પક્ષે પંચ સાહેદ નં.૩ કૃણાલ નરસિંહભાઇ દંતાણીને આંક-૧૮ થી તથા બીજા પંચ સાહેદ નં.૪ મનોજ મફાજી ઠાકોરને આંક-૨૧ થી સોગંદ ઉપર તપાસ્યા છે. સદર સાહેદ આરોપીઓની શરીરસ્થિતિનું તથા ગુન્હાના કામમાં વાપરેલ મુદ્દામાલ લોખંડની પાઇપ કબજે કર્યાના પંચનામાના પંચ સાહેદો છે. સાહેદ તેમની સરતપાસમાં જણાવે છે કે, સને-૨૦૨૪ માં હું રાણીપ જોગણી માતાના મંદિર પાસે ઉભો હતો ત્યારે પોલીસ આવેલ અને તૈયાર કાગળમાં મારી સહી કરાવેલી. મને રાણીપ પોલીસ સ્ટેશને બોલાવેલ નહીં. તેમને પંચનામુ તથા પંચ સ્લીપ બતાવતા જેમાં પોતાની સહીઓ ઓળખી બતાવેલ છે. સાહેદને મુદ્દામાલ લોખંડની પાઇપ બતાવતા જે તેઓની રૂબરૂમાં કબજે નહીં કરેલ હોવાનું જણાવે છે. તે સિવાયની તમામ હકીકતોનો સ્પષ્ટપણે ઇન્કાર કરેલ છે. સદર બંને સાહેદ ફરીયાદ પક્ષના કેસને સમર્થન કરતા ન હોવાથી તેમને હોસ્ટાઇલ જાહેર કરતા. સરકારી વકીલશ્રીને બંને સાહેદોની ઉલટ તપાસ કરવાની પરવાનગી આપતા ફરીયાદ પક્ષના કેસની તમામ હકીકતને નકારી છે. આરોપી પક્ષે કરવામાં આવેલ સદર સાહેદની ઉલટ તપાસ ધ્યાને લેતા સાહેદ સ્વીકારે છે કે, પોલીસે તૈયાર કાગળમાં સહી કરાવેલી જે પંચનામુ અમોએ વાંચેલ નહીં કે પોલીસે વાંચી સંભળાવેલ નહીં. પોલીસે અમારી રૂબરૂમાં કોઇ મુદ્દામાલ લોખંડની પાઇપ કબજે કરેલ નથી. આમ, આરોપીઓની શરીરસ્થતિનું તથા મુદ્દામાલ હથિયાર કબજે કર્યાનુ પંચનામુ સાબિત થતુ નથી.

(૧૭.) ફરીયાદ પક્ષે સાહેદ નં.૧૧ વિનુભાઇ હરીભાઇ દેસાઇને આંક-૩૪ થી સોગંદ ઉપર તપાસ્યા છે. સાહેદ તેમની સરતપાસમાં તેઓ પોલીસ કમિશ્નરશ્રીની કચેરીમાં ફરજ બજાવે છે અને તેમની ઓફીસમાંથી જે જાહેરનામા પ્રસિદ્ધ થાય છે તે કમિશ્નરશ્રીની સહીથી થાય છે અને હાલનો બનાવ બન્યો ત્યારે હથિયારબંધીનું જાહેરનામુ અમલમાં હોવાની હકીકત જણાવેલ છે. સદર સાહેદની ઉલટ તપાસ ધ્યાને લેતા

સાહેદ સ્વીકારે છે કે, અમારા ઉપરી અધિકારી અમોને જે સુચના આપે તે પ્રમાણ અમારે કામ કરવાનું હોય છે તથા જે જાહેરનામુ પ્રસિદ્ધ કરવામાં આવે છે તેમાં મેં કોઇ સહીઓ મેળવેલ હોય તેવું બનેલ નથી.

(૧૮.) વધુમાં, ફરીયાદ પક્ષ તરફે સાહેદ નં.૧૨ રોહિતકુમાર બળદેવભાઇ ચાવડાને આંક–૩૬ થી સોગંદ ઉપર તપાસ્યા છે. સદર સાહેદ સમાજ કલ્યાણ વિભાગ તરફથી અધિકારી તરીકે પુરાવો આપે છે. જેમાં ફરીયાદી અનુસુચિત જાતિના હોવાનું પ્રમાણપત્ર તેમની કચેરીના રજીસ્ટરમાં નોંધણી બાબતની કચેરીના અસલ રજીસ્ટર પરથી કરેલ ખરી નકલ આંક–૩૭ થી રજૂ કરે છે. આ સાહેદની ઉલટ તપાસમાં વિશેષ કોઇ બાબત નથી.

(૧૯.) વધુમાં, ફરીયાદ પક્ષ તરફે ફરીયાદ લેનાર સાહેદ નં.૧૩ ભગીરથસિંહ ધ્રુપદસિંહ ગોહિલને આંક–૪૫ થી સોગંદ ઉપર તપાસ્યા છે. જેઓ બનાવ સમયે રાણીપ પોલીસ સ્ટેશનમાં પી. એસ. આઇ. તરીકે ફરજ બજાવતા હતા. તેઓએ તેમની રૂબરૂ ફરીયાદીએ ફરીયાદ આપેલાની હકીકત જણાવેલ છે અને આગળની તપાસ ઇન્ચાર્જ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી, એ. પી. જાડેજાને સોંપેલ હોવાની હકીકત જણાવેલ છે. જ્યારે બચાવ પક્ષ તરફેની ઉલટ તપાસમાં સાહેદ સ્વીકારે છે કે, ફરીયાદ લીધા સિવાય મેં કોઇ કામગીરી કરી નથી તથા ફરીયાદી ફરીયાદ આપવા આવ્યા ત્યારે ફરીયાદ આપતી વખતે તેમના પત્ની, તેમના જીજાજી તથા તેમના સમાજના માણસો હાજર હતા. ફરીયાદ પક્ષે આંક–૪૦ થી સાહેદ જયદીપસિંહ સિસોદીયાને તપાસ્યા છે. સદર સાહેદે જુબાનીમાં જણાવ્યુ છે કે, તેમણે ફક્ત ફરીયાદ લીધી હતી.

(૨૦.) ફરીયાદ પક્ષે તપાસ કરનાર અમલદાર સાહેદ નં.૧૪ દિગ્વિજયસિંહ વિરેન્દ્રસિંહ રાણાને આંક–૪૧ થી તપાસ્યા છે. સદર સાહેદ એ પોલીસ સાહેદ છે અને તેઓએ તેમની ફરજના ભાગરૂપે આક્ષેપિત ગુન્હાના કામે જે જે કામગીરી કરેલ છે તે મુજબ રાબેતા મુજબના ક્રમમાં પુરાવો આપેલ છે. સાહેદ તેમના સમગ્ર પુરાવામાં તેમણે તપાસના કામે તેઓ બંદોબસ્તમાં હોવાથી આ ગુન્હાની તપાસ એ. સી. પી. એ. પી. જાડેજાને સોંપેલી. સાહેદે એ. સી.પી. એ. પી. જાડેજાએ આ ગુન્હાન કામે કરેલ

તપાસની કાર્યવાહીને સંપૂર્ણ રીતે સમર્થન આપે છે. સાથે તમામ પંચનામા તેઓની રૂબરૂ થયા હતા. તે હકીકતને સમર્થન આપ્યુ છે. વધુમાં, સાહેદે બંદોબસ્તમાંથી પરત આવતા આગળની તપાસ પોતે સંભાળેલ હોવાનું જણાવેલ છે અને ત્યાર બાદ હાલના ગુન્હાના કામે તેઓએ કરેલ કાર્યવાહીને સમર્થન આપ્યુ છે અને તેઓએ તપાસના અંતે હાલના ગુન્હાના કામે હાલના આરોપીઓ વિરૂદ્ધ કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરેલ હોવાની હકીકતને સમર્થન આપ્યુ છે.

સદર સાહેદ આરોપી પક્ષે સદર સાહેદની ઉલટ તપાસ ધ્યાને લેતા સાહેદ સ્વીકારે છે કે, બનાવવાળી જગ્યાની આજુબાજુમાં આવેલ રહેણાંક વિસ્તારમાંથી કોઈ અન્ય સાહેદોના નિવેદન લીધેલ નથી. સાહેદ એમ પણ સ્વીકારે છે કે, મારી તપાસ દરમિયાન મોટર સાઈકલ પર અકસ્માત થયેલ પતિ પત્નીના કોઈ નામ ખુલવા પામેલ નથી કે તેઓનું કોઈ નિવેદન લીધેલ નથી કે તેમના કોઈ સારવાર સર્ટિફીકેટ મેળવેલ નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, ફરીયાદી દ્વારા જે તે સમયે મોટર સાઈકલના ચાલકના નામ સરનામા આપેલ ન હોય અને તપાસ દરમિયાન મળી આવેલ ન હોઈ તેમના નિવેદન નોંધી શકાયેલ નથી.

(૨૧.) વધુમાં, ફરીયાદ પક્ષ તરફે આંક–૪૨ થી તપાસ કરનાર અમલદાર સાહેદ નં.૧૫ અજયસિંહ પ્રવિણસિંહ જાડેજાને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. સદર સાહેદ એ પોલીસ સાહેદ છે અને તેઓએ તેમની ફરજના ભાગરૂપે આક્ષેપિત ગુન્હાના કામે જે જે કામગીરી કરેલ છે તે મુજબ રાબેતા મુજબના ક્રમમાં પુરાવો આપેલ છે અને પુરાવા દરમ્યાન તેઓની ત.ક. અમલદાર તરીકે નિમણુંક કરતો પત્ર તથા પોલીસ વર્ધી રજૂ કરેલ છે. સદર સાહેદ આરોપી પક્ષે સદર સાહેદની ઉલટ તપાસ ધ્યાને લેતા સાહેદ સ્વીકારે છે કે, મેં લીધેલ સાહેદોના નિવેદનમાં ફરીયાદીની પત્ની સિવાય બીજા કોઈ સાહેદોએ બનાવ નજરે જોયેલ નથી. સાહેદ એમ પણ સ્વીકારે છે કે, બનાવવાળી જગ્યાની આજુબાજુમાં આવેલ રહેણાંક વિસ્તારમાંથી કોઈ અન્ય સાહેદોના નિવેદન લીધેલ નથી. સાહેદ એ સ્વીકારે છે કે, મારી તપાસ દરમિયાન મોટર સાયકલ પર અકસ્માત થયેલ પતિ પત્નીના કોઈ નામ ખુલવા પામેલ નથી કે તેઓનું કોઈ નિવેદન લીધેલ નથી કે તેમના કોઈ સારવાર સર્ટિફીકેટ મેળવેલ નથી.

(૨૨.) વધુમાં, ફરીયાદ પક્ષ તરફે ફરીયાદ લેનાર સાહેદ નં.૧૬ ભગીરથસિંહ ધ્રુપદસિંહ

ગોહિલને આંક–૪૫ થી સોગંદ ઉપર તપાસ્યા છે. જેઓ બનાવ સમયે રાણીપ પોલીસ સ્ટેશનમાં પી. એસ. આઇ. તરીકે ફરજ બજાવતા હતા. તેઓએ તેમની રૂબરૂ ફરીયાદીએ ફરીયાદ આપેલાની હકીકત જણાવેલ છે અને આગળની તપાસ ઇન્ચાર્જ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી, એ. પી. જાડેજાને સોંપેલ હોવાની હકીકત જણાવેલ છે. જ્યારે બચાવ પક્ષ તરફેની ઉલટ તપાસમાં સાહેદ સ્વીકારે છે કે, ફરીયાદ લીધા સિવાય મેં કોઇ કામગીરી કરી નથી તથા ફરીયાદી ફરીયાદ આપવા આવ્યા ત્યારે ફરીયાદ આપતી વખતે તેમના પત્ની, તેમના જીજાજી તથા તેમના સમાજના માણસો હાજર હતા.

(૨૩.) હાલના કેસમાં સમગ્ર પુરાવો ધ્યાને લઇએ તો, ફરીયાદ પક્ષે આક્ષેપિત બાબતોને પુરવાર કરવા માટે જે પણ પુરાવો રજૂ કર્યો છે. તેને ધ્યાને લઇએ તો, આરોપીઓ ઉપર સહુ પ્રથમ એટ્રોસીટી એકટની કલમ–૩(૧)(આર)(એસ), ૩(૨)(૫–અ) મુજબનો આક્ષેપ છે. અત્રે ફરીયાદ પક્ષનો પુરાવો ધ્યાને લઇએ તો ફરીયાદી જણાવે છે કે, તે આરોપીઓને ઓળખતા નથી. પણ ઝઘડો થયો ત્યારથી જોયેથી ઓળખે છે. જ્યારે ફરીયાદીના પત્ની મંજુલાબેન જણાવે છે કે, આરોપીઓ ફરીયાદીની બાજુમાં રહે છે. ફરીયાદી આ જ બાબતે શંકાસ્પદ બને છે. આ સિવાય ફરીયાદીના કહેવા પ્રમાણે આરોપીઓએ તેમને મંદિરના ફંડની રકમ નથી આપી તેમ કહી ગાળો બોલી હતી તેમ સરતપાસમાં જણાવે છે. પરંતુ ઉલટ તપાસમાં સ્વીકારે છે કે, આવી હકીકત તેમણે ફરીયાદમાં જણાવી નથી. આ સિવાય ફરીયાદી ગુન્હાના કામે ઉપયોગમાં લેવાયેલ હથિયાર ઓળખ કરતા નથી. ફરીયાદીનું પોતાનુ જ કહેવુ શંકાસ્પદ બને છે. કારણ એક તબક્કે ફરીયાદી આરોપીઓને ફરીયાદી અગાઉથી ઓળખતા હોવાની બાબતને નકારે છે. જ્યારે તેઓ તેના પડોશી છે. આ હકીકત ફરીયાદ પક્ષની વિશ્વસનિયતા ઉપર અસર કરે છે. આ સિવાય ફરીયાદી ખુદ સ્વીકારે છે કે, અશોકભાઇ, સંજયભાઇ, ભાવિનભાઇ અને મુકેશભાઇ તેમના સંબંધી થાય છે. પુરાવામાં આ સાક્ષીઓ આંશિક રીતે ફરીયાદની હકીકતને સમર્થન આપે છે. પણ તેઓ નજરે જોનાર સાક્ષી નથી. વધુમાં, ભદ્રેશભાઇ પણ ભાવિનભાઇના મિત્ર હોવાથી ફરીયાદીથી પરિચિત છે. તપાસ કરનાર અમલદાર દિગ્વિજયસિંહ રાણા અને અજયસિંહ જાડેજા પણ એ હકીકતને સમર્થન આપે છે કે, બનાવ સમયે બનાવ જ્યાં બન્યો તે વિસ્તાર રહેણાંકનો વિસ્તાર છે. પણ સ્વતંત્ર સાક્ષીઓ રેકર્ડ ઉપર

નથી. ફરીયાદ પક્ષે ફરીયાદી અનિલભાઇ જાતિ વિષયક શબ્દોનો ઉલ્લેખ કરે છે પણ સ્પષ્ટતા કરતા નથી કે શું શબ્દો બોલાયા. ફક્ત એક વખત ભંગી સમાજનો ઉલ્લેખ કરે છે. પણ આ શબ્દો ઉચ્ચારવા પાછળ અને અપમાન કરવા પાછળ આરોપીનો શું ઇરાદો હતો તે સ્પષ્ટ થતુ નથી. વધુમાં, જે પતિ પત્નીનો અકસ્માત થયો અને જેના કારણે આખી ઘટના ઘટી તે બે વ્યક્તિ જ તપાસના કામે સાક્ષી તરીકે જોડાયા નથી અને પોલીસ તેમને શોધવા સમર્થ બની નથી. ટૂંકમાં, જાહેર સ્થળે અન્ય લોકોની હાજરીમાં કે જે ફરીયાદીથી સંલગ્ન હોય તથા પરિચિત હોય તે સિવાયના લોકો રૂબરૂ આરોપી દ્વારા ફરીયાદીનુ અપમાન કરવામાં આવ્યુ હોય અને આવુ અપમાન ઇરાદાપૂર્વક કરવામાં આવ્યુ હોય તેવી હકીકત પુરવાર થતી નથી. આ સિવાય ઇજા સંદર્ભે ફરીયાદી પોતે જણાવે છે કે, જ્યારે તેમને ડોકટર પાસે લઇ જવામા આવ્યા ત્યારે તેઓ બેભાન હતા. જયારે ડોકટરે જણાવ્યુ છે કે, આરોપીએ તેમને કેસની હકીકત જણાવી હતી. આમ, એક જ ઘટના બાબતે બે વિરોધાભાસી બાબતો રેકર્ડ ઉપર આવે છે. વધુમાં, ડોકટરના સર્ટિફીકેટમાં પણ આરોપીઓના નામ જાહેર થયા નથી. વધુમાં, બનાવની હકીકત અનુસંધાને ફરીયાદી અને તેમના પત્ની સિવાય કોઇ સ્વતંત્ર સાક્ષી નથી કે જે બનાવને સમર્થન આપે. આ સંજોગોમાં ફરીયાદ પક્ષ ઇ.પી. કોડની કલમ–૩૨૩, ૩૨૪, ૨૯૪(ખ) અને ૫૦૬(૨) અન્વયેનો પણ આક્ષેપિત ગૂન્હો સાબિત કરવામાં નિષ્ફળ રહી છે. આથી, સમગ્ર ચર્ચાના અંતે એ હકીકત સાબિત થાય છે કે, ફરીયાદ પક્ષ આરોપીઓ સામેનો આક્ષેપિત ગુન્હો સાબિત કરવામાં નિષ્ફળ રહી છે. જેથી મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં આપી મુદ્દા નં.૨ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## –: હુકમ :–

૧. આ કામના આરોપીઓ **(૧) વિપુલ સ/ઓ.પાલાભાઇ મફાભાઇ પરમાર,** રહે.મ.નં.૭૮૬, ચંદ્રભાગા રો–હાઉસ, હાઉસીંગ બોર્ડ, ગણેશ કોલેજની પાછળ, નવા વાડજ, અમદાવાદ, **(૨) હિતેશ સ/ઓ.ભલાજી મેરૂજી ઠાકોર,** રહે.જોગણી માતાની ચાલી, દરબાર ગઢના કાચા છાપરા, ઔડાના મકાનની પાછળ, કાળી ગામ, ગરનાળા પાસે, રાણીપ, અમદાવાદ નાઓને ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૪, ૩૨૩, ૨૯૪(ખ), ૫૦૬(૨), ૧૧૪ તથા જી. પી. એક્ટની કલમ–૧૩૫(૧) તથા એટ્રોસિટી એક્ટની કલમ–૩(૧)(આર),(૩)(૧)(એસ), ૩(૨)(૫–અ)

અન્વયેના તહોમત અન્વયે ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૨૩૫(૧) ની જોગવાઇને આધિન રહીને નિર્દોષ ઠરાવી છોડી મૂકવાનો હુકમ કરવામાં આવે છે.

૨. આરોપીઓએ ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૪૩૭(એ) મુજબ, અપીલ કોર્ટમાં હાજર રહેશે તેની ખાતરી આપતા છ માસના સમયગાળા માટેના રૂા.૫,૦૦૦/– (અંકે રૂપિયા પાંચ હજાર પુરા) ના સદ્ધર જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકા રજૂ કરવા હુકમ કરવામાં આવે છે. અને તે આજ રોજ રજૂ કરવા અને જામીન દિન–૭(સાત) માં રજૂ કરવા હુકમ કરવામાં આવે છે.

૩. આ ગુન્હાના કામે કબજે લેવામાં આવેલ બિનકિંમતી મુદ્દામાલનો અપીલ સમય વિત્યેથી નિયમનુસાર નિકાલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ ચૂકાદો આજ રોજ તારીખ–૨૨–મી, માહે–એપ્રિલ, સને–૨૦૨૬ ના રોજ અમદાવાદ મુકામે ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

તારીખ : ૨૨/૦૪/૨૦૨૬
સ્થળ : અમદાવાદ (ગ્રામ્ય).

**(અદ્વૈત સુરેન્દ્ર વ્યાસ)**
વિશેષ ન્યાયાધિશ (એટ્રોસિટી) અને
પાંચમા અધિક સત્ર ન્યાયાધિશ, અમદાવાદ
(ગ્રામ્ય), અમદાવાદ
UID No.GJ00709

પી. એન. ખુમાણ, પી.એસ.